R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 2 May - 2013

## વાયદાઓનું જીવન

આપણા જીવનમાં રોજ 'ઈમરજન્સી' પળો આવે છે. પણ આપણે ચેતનાનો અનાદાર કરતા રહીયે છીએ. પ્રત્યેક ક્ષણને ભરપેટ માણવાને બદલે વાયદા પાડતા રહીએ છીએ. 'ઉધાર બંધ છે' એવા પાટિયા વાંચવા મળે છે પણ જીવનને માણવાની બાબતમાં આપણે ઉધારી મલાવીએ છીએ. જીવન માણવાની વાત આવે ત્યારે આપણાં મોં માંથી 'ઘર બંધાઈ જાય પછી - વાહન આવી જાય પછી - બદલી થઈ જાય પછી - દીકરો પરણી જાય પછી - કોર્ટનો ચુકાદો આવી જાય પછી - ....

આમ 'પછી' માં પુરાઈ મરતી વાખ્યાવલિઓ જ નિકળતી રહે છે. જીવનને આપણે વાયદાનો વેપાર બનાવી મુકયું છે. જીવનમાં અહી અને અત્યારે જેવું કશું રહેવા દીધુ નથી. ભૂતકાળનો આધાર અને ભવિષ્યના શમણાનાં ભારથી બેવડ વળી જતી અને નષ્ટપ્રાય થતી વર્તમાન ક્ષણ વીતી જાય છે. અને આપણે કટોકટી માટેનું બેંક બેલેન્સ સૂંઘતા રહીએ છીએ. ઓસ્કાર વાઈલ્ડ નામના ચિંતકે ક્યાંય મજાની વાત કરી છે. એ કહે છે કે,'' જીંદગી એક એવી હોસ્પિટલ છે કે જેમાં દરેક દર્દી પોતાનો ખાટલો બદલવા તલપાપડ રહે છે'' આપણું જીવન તો એવું વ્યસ્ત થઈ જાય છે કે એક નવુ ચલચિત્ર, નવુ કેલેન્ડર, નવી ટૂથપેસ્ટ કે જરા ફેરફાર સાથે આવતી નવી ફેશન ટૂંક સમય માટે આપણને થોડોક 'ચેન્જ' આપી જાય છે.......

- સંકલન

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## NOTICE OF 63RD ANNUAL GENERAL MEETING

Date ; 21/5/2013

To,

All Members,

Notice is hereby given that 63rd Annual Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Saturday 22nd June 2013 at 5.00P.M at Smt Subhadraben Navinchandra Shah (Kolkattawala) Meeting Hall ( Pragati Samaj office) 45/49 Babu Genu Road Mumbai 400002 to transact the following Business on the agenda.

### AGENDA FOR THE MEETING

1. To read, confirm and approve the minutes of the 62nd Annual General Meeting held on 30th June 2012.
2. To receive, consider and adopt the managing committee report for the year 2012-2013.
3. To receive, Consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2013.
4. To appoint the Auditor for the year 2013-2014 and fix his remuneration.
5. To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution.
6. To Distribute the prizes of Shri Surendra Parikh (Surendra Trading Corporation) & Shri Daxeshbhai/Shri Minishbhai Kadakia Indoor Sports Activity.
7. Any other matter from the desk of President.
8. President Address

**NOTES**

1) If the meeting is adjourned for the want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary - Bhavesh Bipin Modi - (Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૨ | ૨૦-૦૫-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# માણસ વંદનીય હોય પૂજનીય તો ફક્ત ઈશ્વર

**તંત્રી સ્થાનેથી**

આપણો ભારતદેશ એટલે રાજાઓ, નવાબો, બાદશાહોનો દેશ. તેઓના બીજા સારા, ખરાબ ગુણોને જવા દઈએ તો પણ બધામાં એક ખાસિયત સામાન્ય જોવા મળતી અને તે એ કે દરેકને ખુશામત અને જી હજુરીઆઓ આજુબાજુ ન હોય તો ચેન ન પડે. રાજા ખુશામતથી રીઝે તો ગામના ગામ આપી દે અને રૂઠે તો ફાંસી, રાજાનો પડયો બોલ ઝીલવા પ્રજા તૈયાર, રાજા એટલે ભગવાન. એ કહે, એ કરે એ બધામાં પ્રજાને પુરેપુરો વિશ્વાસ. એ નીમે એ પ્રધાન, નીમે તે મંત્રી કે સેનાપતિ, રાજાનો વારસદાર નમાલો કે પોણીયો હોય તો પણ લોહી તો ખાનદાનીને ? રાજાના કુંવર હોય, કુંવરી હોય કે રાણીબા બધા જ પુજાય. ઈતિહાસ સાક્ષી છે કે આટલાં બધા રાજાઓમાં આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ રાજાઓએ પ્રજાના વિશ્વાસને એમની ભક્તિને, એમના પ્રત્યેના અહોભાવને સાર્થક કર્યો છે. પરંતુ ભારતદેશના લોકોની વ્યક્તિ પુજા કરવાની આદત આજે પણ એવી જ છે.

રાજાઓ ગયા તો નેતાઓ આવ્યા, ધર્મગુરૂઓ, અભિનેતા, રમતવીરો આવ્યા દરેક ક્ષેત્રમાં માંધાતાઓ આવ્યા. વર્ષોથી પડેલી Hero Worship વ્યક્તિ પુજાની આદત હજી ગઈ નથી. અમિતાભના અને સાઉથની હીરોઈનોના મંદિરો બનાવવામાં આવ્યા એને હું આ બાબતની ચરમસીમા કહીશ. આજે પણ હીરો હીરોઈનો શું ખાય છે, શું પીએ છે, કેવા કપડાં પહેરે છે, એમનું શું ગમે છે, કોની પાર્ટીઓમાં જાય છે, કોની વધુ નીકટ છે,

કોની સાથે ઉઠે, બેસે કે સુએ છે, કઈ ગાડી વાપરે છે. એમાં લોકોને વધુ રસ છે. એને લગતાં ગોસીપ મેગેઝીનો ભરપુર વંચાય છે. પોતાના પતિ કે પત્ની વિશે ખબર ન હોય એટલી ખબર લોકોને આ હીરો હીરોઈનોની હોય છે. કોઈપણ હીરો હિરોઈનને એટલાં તો માથે ચઢાવી દઈએ છીએ કે પછી અપેક્ષા પૂર્ણ ન કરે તો ગુમનામીમાં ફેંકાઈ જાય છે. પરંતુ એટલી વારમાં વ્યક્તિ પુજા માટે બીજા હાજર જ હોય. સચીન હોય કે શહેવાગ રાતોરાત ક્રિકેટ પ્રેમીઓના ભગવાન બની જાય. ગમે એટલું કમાતા હોય એને નવી ગાડી ઉપર ડયૂટી કે ઓકટ્રોય ભરવી જોઈએ કે નહી એ માટે જનમત લેવાય. જાણે કે આ બધા ઉપરથી ઉતરી આવ્યા હોય. પોપ સ્ટારો કીસ કરે અને સાથે ડાન્સ કરે તો તે વ્યક્તિના ભાવ રાતોરાત વધી જાય.

ધંધામાં પણ એજ વ્યક્તિ પૂજા. મોટા મોટા ઉદ્યોગપતિઓની વાત જવા દઈએ. પણ નાના નાના બજારોમાં પણ એજ. આ અમારા કાથાબજારના કીંગ, આ કાગળ બજારના, આ ઈલેકટ્રીક બજારમાં કે હાર્ડવેર બજારના કીંગ, દરેક જગ્યાએ લોકોને કીંગ બનાવી દઈએ. ડાયમંડ કીંગના ઘરે લગ્નમાં હાજરી આપવા તો રીતસરની પડાપડી થાય. આમંત્રણ મળે એવી વ્યક્તિ માટે પણ અહોભાવ જાગે.

રાજકારણીઓની તો એ જ રાજાઓ જેવી વાત. રાજાઓ ગયા ને રાજકારણીઓ આવ્યા. સમાજનો સડો, ગંદકી સંસદમાં જવા લાગ્યો. નેતાઓની પત્નીઓ અને બાળકો પણ પુજાય છે. વંશવારસાગત રાજગાદીની પ્રથા આજે પણ છે. હીરો વર્શીપીંગમાં લાલુ પણ પુજાય અને જયલલિતા પણ પૂજાય. ધર્મગુરૂઓ તો પહેલેથી હતાં. એમાં ભળ્યા સમાજ સુધારકો, કથાકારો, વાર્તાકારો, સાધુ મહારાજો, બાવાઓ, બેટીજીઓ, બાપુઓ આ બધાએ સમાજમાં સુધારો કર્યો કે નહીં, લોકોના જીવન સુંદર બનાવ્યા કે નહી એની વાત જવા દો. એ બધાના જીવનધોરણ જરૂરથી સુધરી ગયા. કથાકારો ફક્ત ધર્મગ્રંથોને સમજાવે વચ્ચે વાર્તાકાર થઈને લોકોને ધર્મના સારા વિચારો ગળે ઉતારે એટલે એમના પ્રત્યે માન હોય એ ઠીક છે, પણ એના મોઢામાંથી આપણી ઉપર થુંક ઉડે તો પણ જાણે અમૃતના અમી છાંટણાં થયા હોય એવો અહોભાવ શા માટે? આપણને ત્યાગ ભક્તિ બલિદાનની વાતો શીખવવાની પણ પોતાની સ્વચ્છંદી એશોઆરામભરી જીવન શૈલીનું શું ? જવાબ હાજર છે,''મોટા લોકો જે કરે તે નહી પણ જે કહે તે કરવું જોઈએ'' એક માણસ એક સાધુ પાસે ગયો. કહે મા'રાજ મને કંઈક બનવું છે. કંઈક શીખવો, ગુરૂ કહે મારા આશ્રમમાં રહેવું પડશે. રોજ પાંદડા પડે એ વાળવા પડશે, મારા પગે રોજ ચંપી કરવી પડશે, આશ્રમના વિવિધ કામ કરવા પડશે. તો હું તને મારો શિષ્ય બનાવું. પેલો માણસ કહે,'તો પછી તમે શું કરશો ?' ગુરૂ કહે હું તો બસ એક બાજુ બેસીને તને હુકમો કરીશ અને તારી સેવાનો લાભ લઈશ. પેલો માણસ કહે મહારાજ તો પછી એક કામ કરો મને ગુરૂ બનાવવાનું જ શીખવો. એમાં મને વધુ રસ પડે છે.

આપણે વ્યક્તિના વિચારો કરતાં, એના કાર્યો કરતાં વ્યક્તિને વધુ મહત્વ આપીએ છીએ. એ વ્યક્તિને મહાન ગણીએ છીએ એની પુજા કરીએ છીએ અને જ્યારે એ વ્યક્તિ પ્રત્યેનો અહોભાવ તુટે એટલે એનું કાર્ય એના વિચારો મહાન હોવા છતાં એ કાર્ય છોડી દઈએ છીએ. પાંડુરંગ શાસ્ત્રીની બાબતમાં, એમની ઉચ્ચ સામાજીક સુધારાની વિચારણા અને પ્રવૃત્તિને કેટલાંયે લોકોએ

છોડી દીધી. એટલે માન વ્યક્તિને અપાયું એના વિચારોને નહી. રજનીશજીને ઓશો કે ભગવાન ન બનાવ્યા હોત તો કદાચ આપણને વધુ ઉત્તમ વિચારો વધુ લાંબા સમય માટે મળ્યા હોત.

ધર્મગુરૂઓમાં પણ વંશ જોવાય છે. જ્ઞાન અને ભક્તિ નહિ. ધર્મકાર્યોમાં શ્રધ્ધા હોવી જોઈએ. એના બદલે ધર્મગુરુઓમાં અને એના ઠાલા વચનોમાં વધુ શ્રધ્ધા ધરાવીએ છીએ. આપણને સારા વિચારો કે કર્મો દ્વારા નહીં પણ ઝારીઓ ભરીને, ગંગાસાગરમાં ડુબકીઓ મારીને કે પછી બેઠકો કરીને પુણ્ય મેળવવું છે કારણ કે શોર્ટકટ ધર્મગુરૂઓએ બતાવ્યો છે. આજે ધર્મ એ ધંધો થઈ ગયો છે. અને ધંધામાં ધર્મ રહ્યો નથી. સમાજમાં પણ તાલેવંત વ્યક્તિઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૂજાય છે. ''વ્યક્તિ નહી સંસ્થા મહાન છે'' એ ફક્ત કહેવાની વાતો છે. કેટલાંક બની બેઠેલા પ્રતિષ્ઠિત માણસો જ સમાજના ધારા ધોરણો નક્કી કરતાં હોય છે. એમનો પડયો બોલ ઝીલાય છે અને કીંગમાંથી કીંગમેકર થઈને આવા લોકો આર્શીવાદ આપતાં ફરતા હોય છે.

ઘણાં લોકો પ્રસિધ્ધ વ્યક્તિની આજુબાજુમાં બીજા કારણથી ફરતાં હોય છે, એ કારણ છે મળતી પ્રસિદ્ધિ. ફલાણો ફલાણાની બહુ નજીક છે એમ કહેવડાવવાથી પણ ઘણાં લાભ થતાં હોય છે. એકવાર એક માણસ ઉપર રાજા ખુશ થઈ ગયા. એજ ''માંગ માંગ તને શું જોઈએ'' વાળી વાત પેલા માણસે કહ્યું, રાજા મારે કંઈ ન જોઈએ ફક્ત દરબારમાં આપની બાજુમાં રોજ ઉભો રહેવા દો અને એક બે વખત તમારા કાનમાં કંઈક કહેવા દો. રાજાને નવાઈ લાગી પણ કહી દીધું તથાસ્તુ. રોજ પેલા માણસને રાજાના કાનમા વાત કરતાં જોઈને બધા દરબારીઓને થયું નક્કી આ માણસનું રાજા સાંભળે છે. એ માણસ રાજાનો ખાસ અંગત માણસ લાગે છે. એટલે રોજ પછી લોકો પોતાનું કામ કઢાવવા પેલાને ભેટ સોગાદો આપતાં થઈ ગયાં. બસ આજ વસ્તુ મોટી વ્યક્તિના હજુરીયાઓને જોઈતી હોય છે. શંકર સાથે પોઠીયો પુજાય એ આનું નામ.

કોકની રમત ગમતી હોય, એકટીંગ ગમતી હોય, કોઈના આચાર વિચાર પ્રત્યે માન થતું હોય, કોઈની વાતો કે લખાણ ગમતું હોય એને વખાણવામાં કે બિરદાવવામાં એને માન આપવામાં કે નમન કરવામાં કંઈ ખોટું નથી. પરંતુ વ્યક્તિપુજા દ્વારા એને ભગવાન બનાવી દેવામાં ખોટું છે. માણસને માણસ જ રહેવા દો. ઈશ્વર ન બનાવો કારણ કે ત્યાંથી જ એ વ્યક્તિના પતનની શરૂઆત થતી હોય છે. વ્યક્તિ પુજાનો પ્રારંભ થાય પછી એ વ્યકિતની આજુબાજુ સંતકથાઓ અને દંતકથાઓ ગુંથાય છે, ચમત્કારોની વાતો વહેતી થાય છે, એમના જન્મદીનની ઉજવણી શરૂ થાય છે, પગે લગાય છે, પગ ધોવાય છે, એની ચાખડીની સ્થાપના થાય, એમની પધરામણી થાય, ફોટાઓની વહેંચણી થાય અને એમની એક અમી દ્રષ્ટિ આપણ પર પડે તો ધન્યતા અનુભવાય. આમ વ્યક્તિપૂજા કરતાં કરતાં જ કદાચ આપણા દેવી દેવતાઓની સંખ્યા કરોડો ઉપર પહોંચી હશે. હજી એમાં નવા દેવી દેવતાઓ ઉમેરાતા જશે કારણ કે વધુને વધુ લોકો ઘુંટણીયે પડતાં જાય છે. શ્રી પી.જે. પ્રુદો એ કહ્યું છે ''મોટા માણસો મોટા છે એનું કારણ એ છે કે આપણે એમને ઘુંટણીએ પડેલાં છીએ.'' માટીપગા માનવીઓને મહાન બનાવવાનો આ ધંધો બંધ કરીને ખુદ ઉભા થવાનો, ખુદ બુલંદ થવાનો પ્રયત્ન થશે તો જ સમાજની સાચી ઉત્ક્રાંતી થશે.

**- નિખિલ પરીખ**

# કક્કાના 'ક' થી શરૂ થતો શબ્દોનો શંભુમેળો

## કમળ, કોમ્પ્યુટર, કામીની, કામના, કટોતિ, કરોજ, કરોડરજ્જુ, કૃષ્ણજી, કાલિંદી

બાળકોને સ્કુલમાં મૂકે અને અક્ષરોનું આલેખન શરૂ થાય ત્યારેથી બારાખડીનો પહેલો શબ્દ 'ક' આવે. ગુજરાતી બાળમંદિરની આ વાત થઈ. અત્યારે તો કોમ્પ્યુટરનો જમાનો અને એમાં પણ પહેલો અક્ષર 'ક' જ આવે છે. ગુજરાતીમાં અને વળી ધર્મનો રાહ પકડીયે તો આપણા લાડીલા કૃષ્ણજી જ આવે. 'ક' થી 'કમળ' આંખ સામે આવે. અતિ સુંદર પરંતુ આજની નવી પેઢીને 'કરોડ' શબ્દ પ્રિયંકર બની રહે છે.

આ કરોડ શબ્દથી યાદ આવે છે આપણી શરીરનો મેઈન આધાર કરોડરજ્જુ. શરીરને ટટ્ટાર ઉભુ રાખે, ચલાવે. આમ આજના કોમ્પ્યુટર યુગમાં કરોડની મહત્તા વધારી આમ આદમીઓની કમ્મરના કરોડરજ્જુને બેવડી વાળી દીધી છે. આગળના વડવાઓની ભાષામાં કહીએ તો 'બે પાંદડે સુખી' એવા લોકોની 'કામના' ની સીમા જ નથી રહી. ધનનો ઉપભોગ સીમાનું ઉલ્લંઘન કરી રહી છે.

હવે કક્કાની બારખડીનાં શંભુમેળામાં આવતો 'કટોતિ' શબ્દને સાચા અર્થમાં જાણવાની જરૂરત છે. નાણાંકીય 'કરોડ' એક ચલણી શબ્દ છે અને કરોડપતિ એ વ્યક્તિ વિશેષ માટે વપરાતું વિશેષણ છે. હવે 'કરોડ' શબ્દમાંનો 'ક' નોં છેદ કરીએ તો રોડ શબ્દ વંચાશે. અને જ્યારે આજ શબ્દ વ્યક્તિ વિશેષ માટે વપરાયતો 'રોડપતિ' સમજાશે. આખે આખો અર્થ બદલાઈ જાય છે. હવે આ કક્કામાં 'ક'ની વેલ્યુ સમજાશે. આખે આખો અર્થ બદલાઈ જાય છે. હવે આ કક્કાના 'ક'ની વેલ્યુ સમજાશે અને આ 'ક' નીકળી ગયા પછીના શબ્દની પરિસ્થિતિએ પહોંચવાનો રસ્તો ટૂંકાવીએ તો ? હવે સાચા અર્થમાં 'કટોતી' કરવાનું વિચારજો અને અમલમાં મૂકજો. 'કટોતિ' શબ્દને સાચી રીતે ઓળખીએ એ પહેલાં વચ્ચે આપણા લાડીલા કૃષ્ણજીને મળીએ તો કેવું ? વગર એપોઈન્ટમેંટ તે આપણી સામેજ, સાથે જ ઉભા છે. જન્મ તને માનવ રૂપે આપ્યો, સારુ ફળ, સારા પવિત્ર એવા માતા પિતા આપ્યા, વિદ્યાને વરાવી, સારી ભાર્યા અને બાળકો આપ્યા, લક્ષ્મીજીને રમતા કર્યા ? પરંતુ તે જન્મધરીને શું વિશેષ કર્યું ? આગલા સંચિત કર્મ તારા ખર્ચાય છે ? પરંતુ આ જન્મે તે વિશેષ એવું શું કામ કર્યું ? હવે કૃષ્ણજીના આ પ્રશ્નનું નિવારણ એટલે જ 'કટોતિ'. તમારા સુખિયા જીવનની રાહમાં આ 'કટોતિ' શબ્દ પહાડ સમ આડો ઉભો છે. ? સુખથી છલકાંતા જીવનમાં ક્યાં અને કઈ રીતે કટોતિ કરશો કે બીજાના જીવનમાં આપણા સુખની માત્ર પરછાઈ જ પડે !!

'કમળ' સુંદરતા આપે અને પ્રભુના ચરણમાં સ્થાન પામે !! ઠાકોરજીના ચરણોમાં કોને સ્થાન મળે ? કમળ કાદવમાં રહીને બીજાને સુંદરતા અને ગુણવત્તા આપે છે. ત્યારે તેને ઠાકોરજીના ચરણ સ્પર્શ મળે છે. 'કાંલિદી' હાથમાં કમલાંકર માલા લઈને ઠાકોરજીને નવાજે છે. આમાં 'કમળ' સાથે 'કૃષ્ણજી' અને કાલિંદીના 'ક'ની મહત્તા હૈયામાં ધારણ થઈ. 'કરોડ' અને કરોડરજ્જુનો મહિમા અનુભવથી મળી જાય છે.

ફરી ફરીને સમજવા માટે એક જ શબ્દ છે. કક્કાની બારખડીમાં આવતો 'ક' થી શરૂ થતો શબ્દ 'કટોતિ'. કમળે કાદવમાં રહીને સુંદરતા સાથે ગુણવત્તા દુનિયાને આપી ત્યારે તેને પ્રભુ ચરણમાં અને કાલિંદીના કર કમળમાં રહેવાનું સુખ પ્રાપ્ત થયું. તેનું જીવ્યું સાર્થક થયું !! પરંતુ આ તો એક ફૂલ છે, જ્યારે તમને તો પ્રાપ્ત થયો છે માનવ દેહ. રૂપ, ગુણ, વિદ્યા અને બુધ્ધિ સંપન્ન

મળ્યો છે. 'ચંચલ' લક્ષ્મીજી તમને સંપન્ન છે તો.....

''વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે...... તમારા સુખ 'સુવિધા' માં 'કટોતિ' નો સાચો અર્થ જાણ્યા પછી તમારા 'કરોડ' નો 'ક' સ્થિત રહે અને એ માટે તમારા સુખિયા જીવનનો છાયો પરદુ:ખ ભંજન બનાવો. એક વૃક્ષ, એક કમળ, આપવાની મહત્તા ધરાવે છે તો તમે તો 'માનવી' છો? તમારા જીવનનું કરોડરજ્જુ આધાર સ્તંભ બની રહેશે.

'છે તો વાપરીએને', સૌ સૌનું વિચારે, આ કલુશીત વિચારને ભૂંસી નાખો. વહેતી નદીના પાણીમાંથી બે ચાર ખોબલા પાણી કોઈ પીએ તો નદીને કંઈ જ ફરક નથી પડતો. તેમ તમારી કરોડની ધનરાશી પ્રભુ ચરણમા સમર્પિત, સ્થિત રહે એ માટે સુખના સરોવર માંહે થી 'કરોતિ' કરી. એ ધનરાશી બીજાની રાહગીર બને એ વિચારને સદાય અંકુરિત કરી રાખો. 'આત્મા સો પરમાત્મા', 'જીવ સો શિવ' એ હૈયે વસાવોને, તમારા સુખની, માત્રને માત્ર બીજાને પરછાંઈ રૂપે મળે તે માટે.... 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે....'

આ લેખનું હેડિંગ લાંબુ છે પરંતુ કક્કાના 'ક' થી શરૂ થતા શબ્દોનો શંભુમેળો 'કટોતિ'ના 'ક'ને ઘુંટવાની જરૂરત કેળવો. 'કૃષ્ણજી'ના 'ક'ને કંઈક સમર્પિત કરો. એક વૃક્ષ તાપ સહીને પણ બીજાને છાંયો આપે છે. આપણે તો સહેવાનું કંઈજ નથી ફક્ત તમારા સુખની છાંય બીજાને મળે એ માટે 'કટોતિ' કરોને પ્રભુ ચરણમાં કૃષ્ણજીને કમળની જેમ કંઈક સમર્પિત કરો એ જ અભ્યર્થના.... પશુ, પંખીઓને સંગ્રહની જરૂરત નથી પડતી. ચરૈવેતી ચરૈવેતી ફરતાં રહે છે, જે મળે તે ખાય છે. તેવું માનવીઓ વિચારી પણ ન શકે. પશુ પંખીઓથી માનવીને એક ઈંદ્રિય 'વાચા' વધુ મળી છે અને સાથે બુદ્ધિ એટલે આપણે વિચાર શક્તિનો ઉપયોગ કરી ઘણું ઘણું મેળવી લઈએ છીએ, પરંતુ એટલું પણ વિદિત છે કે આ માનવ દેહમાં આત્મા, પ્રાણનો સંચાર છે ત્યાં સુધી મૃત્યુની ચીર નિદ્રાં પછી આત્મા વિનાનો દેહ નિર્જીવ થાય છે અને ત્યારે ગમે તેટલી વ્હાલસોયી વ્યકિત યા ધનનો કુબેરો કશું જ તેને હાથ રહેતું નથી. તે એક એકલો જાય છે. ઠાલે હાથ જવાનું છે એ જાણવા છતાં જીવન ફોરો થતો નથી. મારું, મારુ, હું અને અમે કરતાં રહે છે. આ વિચારને માત્ર આપણા સુખની પરછાંઈ બીજાને સવલત, સુવિધા આપી શકે તે માટે તમારા સુખીને પરછાંઈ એક વૃક્ષ આપણને જેમ છાંયો આપે છે તેમ તમારે પણ 'કટોતિ' શબ્દને જીવનમાં ઉતારીને ઘૂંટતા રહેવાનું છે અને કૃષ્ણજીને ચરણે અર્પણ કરવાનું છે.

**– ઉષા ધારીઆ**

# ઉષાબેન ધારીઆની વિદાય

વર્ષોથી નિયમીત જ્યોતિપુંજની કોલમ લખતાં આપણા લોકપ્રિય લેખીકા શ્રીમતી ઉષાબેન ધારીઆ એ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. શરૂઆતમાં સામજીક વિષયો ઉપર લેખ લખનારા ઉષાબેન છેલ્લાં કેટલાંક વર્ષોથી ધાર્મિક લેખો તરફ વળ્યાં હતાં, પરંતુ એમાં ધાર્મિક કરતા માનવીય દૃષ્ટિ વધુ રહેતી હતી. રૂઢિચુસ્તતા અને ધાર્મિક આડંબરના તેઓ વિરોધી હતાં. તેઓનો બહોળો ચાહક વાંચકવર્ગ હતો. એ વાંચકોને તેઓની ગેરહાજરી જરૂર સાલશે.

તેઓ પાક શાસ્ત્રમાં નિપુણ હતાં. પાક શાસ્ત્રના અનેક પુસ્તકો તેઓએ પ્રકાશિત કર્યા હતાં. 'સુવિધા' ના નામે પ્રકાશિત તેઓની રેસીપી બુક બહુ જ પ્રસિધ્ધ બની હતી અને યુવતીઓને ખુબ ઉપયોગી બની હતી. અનેક મહિલા મંડળોમાં તેઓ સક્રિય રહ્યાં હતાં. સુવિધા પુસ્તકની બધી આવક પણ તેઓએ આપણી સામાજીક સંસ્થાઓને આપી દીધી હતી. તેઓને વાડસોલનો ગૌરવ પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો. આવી બહુમુખી પ્રતિભા ધરાવનાર લેખીકા ઉષાબેનની ખોટ જ્યોતિપુંજને હંમેશા લાગશે. આપણે સૌ વાંચકો તરફથી પ્રભુને એજ પ્રાર્થના કે ઉષાબેનના આત્માને શાંતી મળે.

**– નિખિલ પરીખ (તંત્રી)**

# સાસુ અને વહુ

સામાન્ય સંજોગોમાં અત્યાર સુધી સમાજમાં મનાતું આવ્યું છે કે સાસુને પોતાનું સામ્રાજ્ય છોડવું નથી હોતું. પોતે ઉભી કરેલી દુનિયા પોતાના કહેવા મુજબ સાચવે તેવો આગ્રહ હોય છે. પણ નવી આવેલી વહુ ને ના તો સામ્રાજય લેવામાં રસ છે, અને ના તો જોહુકમી ચલાવવામાં એને તો પોતાનો આગવો ચીલો જ ચાતરવો છે. નવું જ બનાવવું છે, નવું જીવવું છે. એને સાસુના જુનાપણામાં કોઈપણ પ્રકારનો રસ જ નથી. આજની વહુ સેલ્ફ એજ્યુકેટેડ છે, સારું ભણતર, સારી નોકરી અને સારા સંસ્કાર ધરાવતી વહુને આત્મસન્માનના ભોગે કોઈ સગવડ જોઈતી હોતી નથી, સાસુની પ્રોપર્ટી, મિલ્કત કે વારસમાં રસ નથી કારણ કે તેને પોતાના પર અખૂટ વિશ્વાસ છે. તેને ખબર છે કે એ અને એનો પતિ મળીને આખી નવી દુનિયા ઉભી કરી શકશે. એટલે સાસુઓને ભય પામવાની જરૂર નથી. વહુને સાસુની આર્થિક દુનિયામાં જગ્યા જોઈતી જ નથી હોતી. એને તો ફક્ત લાગણી સભર સમ્માનિય એક નાનકડી સાંસ જોઈતી હોય છે. સાસુ વહુની ઘણી વાતો આપણે સાંભળતા જ આવ્યા છીએ. ક્યારેક મનમેળ ન સંધાય તો અલગ પણ થતા જોયા છે. અને ક્યાંક મા-દિકરી ની જેમ રહેતા પણ જોયા છે. પણ આ તો વર્ષોથી ચાલતી એક પરંપરા જેવું છે. જુઓને હોળીના રસીયામાં પણ આપણે સાંભળીએ છે ને,'કાના પિચકારી મત માર આપણે સાંભળીએ છે ને, પણ હા આવા રસીયા હોળીના દિવસોમાં ઘરે ઘરે ઘણા પ્રેમથી સાસુ અને વહુઓ સાથે મળીને જ ગાય છે.

આ સિક્કાની એક બાજુ છે. બીજુ બાજુ ક્યાંક બહુ ઉજળી છે. તો ક્યાંક મેલી છે, આજકલ સાસુ-વહુના સંબંધો થોડા નોર્મલ બનવા માંડયા છે. પણ વહુની માને પણ આ વાત સમજવી જરૂરી છે. માટે જ માતા એ પુત્રીના અંગત જીવનથી દુર રહેવું વધારે યોગ્ય છે. આખર પોતે પણ એક પુત્રવધુની સાસુ છે.

મોર્ડન સાસુઓ વહુને, વહુના ભવિષ્યને અને તેની સમજ પરત્વે સભાનપણે વિચારતી થઈ ગઈ છે. સાડી પહેરતી વહુને પંજાબી ડ્રેસ, સ્કર્ટ, જીન્સ, કેપ્રી બધુ જ પહેરવાની છુટ આપે છે. કારણ સાસુઓ વહુમાં દીકરીને જુએ છે. તેમને લાગે છે આ ઉંમરમાં એને પહેરી ઓઢી લેવા દેવું જોઈએ. જે પોતે નથી માણી શક્યા તે ફ્રીડમ તે વહુને આપવા મથે છે. ઓફીસથી પાછી ફરતી વહુ અને દીકરા માટે રસોઈ પણ બનાવે છે એ ક્યારે વહુના કંટાળાને પણ સાસુ નભાવતી થઈ ગઈ છે. સફળતા અને સંબંધ વચ્ચે શત્રુતા ઉભી કરવાને બદલે પોતાના સમજણ થકી વિવેક દાખવી એકબીજાના પૂરક થઈ ઘરમાં આનંદનું વાતાવરણ ઉભું કરે છે. દરેકના ગમા અણગામા, માનસિકતા, આદતો, ઈચ્છાઓ, પ્રકૃતિ, પ્રાયોરિટીઝ અને સ્વભાવ અલગ અલગ હોય છે. બે વ્યક્તિઓ ક્યારેય એકસરખી ન હોઈ શકે, થોડી આદતો કદાચ મળતી આવે પણ જનરેશન ગેપના નામે થતા સાસુ-વહુના ઝઘડા હવે નહિવત થઈ ગયા છે. નાની વહુઓ લાગણી સભર બની દિલથી વિચારતી થઈ છે. ત્યારે સાસુઓ પણ તેના દિમાગને થોડો આરામ આપતી થઈ છે. સ્ત્રીઓની પ્રિય પાણીપુરી ના ખોમચા પર સાસુ-વહુ હવે સાથે દેખાય છે. સન્માન, સહભાવ અને સદવ્યવહારની સમજણ જો બંને પક્ષે હોય તો સાસુ-વહુ પણ મા-દિકરી બની શકે છે. બસ જરૂરી છે એકબીજાના સહૃદય બનવાની સહયોગી બનવાની બસ એકબીજાના મિત્રથી પણ વિશેષ બની જીંદગીમાં આનંદ ઉલ્લાસ ભરી જુઓ પછી જિંદગી જીવવાની મજા જ કંઈ અલગ આવશે. **- વૈશાલી હિંમાશુ મોદી (ઠાસરાવાળા)**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

## નીતિથી શાંતી મળે છે ધૈર્ય થી ઐશ્વર્ય મળે છે

નીતિ એ કોઈ ભય કે પ્રલોભનનું ફરજંદ નહી પણ સમજ ને વિવેકનું સર્જન હશે તો એના પાલન માટે બીક કે પ્રલોભનની જરૂર નહી રહે. લોકો આસક્ત થઈને જીવતા રહ્યાં એ કારણે તો તૈમૂર, મુસોલિની, હિટલર, ચંગીજ, યાઓ, તોજો, નાદિર શાહ અને સ્ટેલિન જેવા લોકો સફળ થયા. વડીલોની આશાનું પતન કરવું કે આપણને જે કામ નિયુક્ત કર્યા હોય તેનું પાલન કરવું તે નીતિ શાસ્ત્રની દ્રષ્ટિએ પ્રવિત્ર ફરજ છે.

જ્યાં દયા ત્યાંજ ધર્મ, જ્યાં ધર્મ ત્યાંજ ઐશ્વર્ય-ભગવાનનો નિવાસ હોય છે, જ્યાં ચંદ્ર ત્યાં જ ચંદ્રિકા, જ્યાં શંકર ત્યાંજ પાર્વતી, જ્યાં સુજનતા ત્યાં જ મિત્રતા, જ્યાં અગ્નિ ત્યાં જ દાહક શક્તિ, જ્યાં વસંત ત્યાંજ પુષ્પ ખીલે છે અને જ્યાં પુષ્પ ખીલે છે ત્યાં જ ભ્રમર સમૂહ એકત્ર થાય છે. જ્યાં ગુરૂ ત્યાં જ જ્ઞાન, જ્યાં શાન છે ત્યાં જ આત્મદર્શન ને જ્યાં આત્મદર્શન ત્યાંજ ચિત્ત શાંતિ મળે છે. જ્યાં સુર્ય છે ત્યાં જ પ્રકાશ છે ને જ્યાં ધર્મ છે ત્યાંજ વૈભવી લક્ષ્મી અને જગદમ્બા સંપત્તિ રહે છે.

આજની નવિન પેઢી વધુ અને ઝડપથી કમાવવા નકલી માલો અને ખોટા બિલ ફાડી વસઈ થી વાલકેશ્વર મારુતીમાંથી મર્સીડીઝ વસાવે છે તે લક્ષ્મી તેની બહેન સરસ્વતીને બદલે અહંકાર લઈને આવે છે. છેવટે અહંકાર રહી જાય છે ને લક્ષ્મીજી ઘર છોડી ચાલ્યા જાય છે પણ જો સરસ્વતી-સંસ્કાર હશે તો લક્ષ્મી સ્થાઈ થશે. આ સંસ્કારોની ઉંચાઈ દુબઈના ૧૬૦ માળ ઉંચા બિલ્ડીંગથી પણ ઉચ્ચ હોવા જોઈએ. બજારમાં ૧૦૦ જણા ધંધો કરે છે તેમાં ૧૦ વેપારી જ અધિક ધન મેળવે છે. અને ૧૦ ધનાઢ્ય વેપારીમાંથી માત્ર એક જ જણ પૈસા પચાવી શકે છે. કદાચ કમાવવા સહેલા છે પણ પચાવવા સહેલા નથી. માતા જેમ બાળકને નાનો કોળીયો આપી તે ખાઈ કે પચાવી શકે પછી ધીરે ધીરે મોટો કોળીયો આપે છે. તેમ ભગવાન પૈસા પચાવનારને ધીરે ધીરે અધિક ધન આપે છે.

લક્ષ્મી બે પ્રકારની હોય છે. દૈવી લક્ષ્મી અને આસૂરી લક્ષ્મી. અનીતિથી આવેલુ ધન આસૂરી લક્ષ્મી સર્જે છે. જ્યાંથી કજિયા, કંકાસ, કલેશ, સંતાન નહોવા અને હોય તો અપંગ, આજીવન કાળ માંદગી, કોર્ટ - કચેરીના ધક્કા, પોલીસ સ્ટેશને અથડામણ, હોસ્પિટલના ચક્કર, સંતાનોના છુટાછેડા, સંપત્તીને ઉધઈ કે આગ લાગવી, યેન કેન પ્રકારે લક્ષ્મીજી ગુંગળાઈને ચાલી જાય છે. નાથાલાલ શેઠ, નાથીયો થઈ જાય છે. જેમ લક્ષ્મી બે પ્રકારની છે તેમ ધર્મ પણ બે પ્રકારના છે. ''સત્સંગી મોતી'' પુસ્તકમાં જણાવયું છે કે ઉપયોગી અને અણઉપયોગી ધર્મ હોય છે. ઉપયોગી ધર્મ પ્રભુને પ્રિય છે અને આ ઉપયોગી ધર્મથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. ઉપયોગી ધર્મ એટલે અનન્યતા, સહનતા, વિવેક, ધીરજ, શુરવીરતા, ટેક, ઉદારતા, નિષ્કપટતા, સદાચાર આમાંથી એક ગુણ જો જીવમાં હોય તો બીજા ગુણો આપોઆપ તેની પાછળ આવે છે. અણ ઉપયોગી ધર્મ એટલે નિંદા, લોભ, વિષયવાસના, અવિશ્વાસ, અભિમાન, અનાદર, અવજ્ઞા, કપટ વગેરે. આમાનું એકાદ પણ જો જીવનમાં હોય તો ઉપયોગી ધર્મ દૂર થઈ જાય. આથી વિશેષ સંગ વિના કૃપા નહી અને કૃપા વિના સંગ નહિ. આમ સંગ અને કૃપા એકબીજાને આધિન છે. નાગરવેલના પાનને કાથો,

ચૂનો ના લગાડીયે તો તેમાં રંગ ન આવે. કાથા ચૂનાના સંગથી રંગ આવે છે.

ઓશો રજનીશના પ્રવચનમાં ક્યારેક એક દ્રષ્ટાંત સાંભળેલું કે એક પથ્થર પડેલો, તેને બાળકે સાહસ વૃત્તીથી ઉપાડયો તો તે બીજા પથ્થર તરફ જોઈ હસવા લાગ્યો કે જોયું હું ક્યાં ? ને તમે ક્યાં ? હું કેટલો ઉપર આવી ગયો. બાળકે જોરથી તેને બોલની માફક કાચ તરફ ફેંકયો, ને પથ્થર ગર્વિષ્ઠ થઈ બોલ્યું હું કેટલો બળવાન છું. મારા સમાન કોઈ નહી, આટલી ત્વરાને ઝડપથી હું ઉડી રહ્યો છું, હું કેટલો જોરાવર, મજબુત તેવો અહંકાર ફાટ ફાટ થવા લાગ્યો. તે ધરતી થી ઉપર જતા ધરતીને ધીક્કારવા લાગ્યો. છેવટે કાચ પર અથડાતા કાચના ટૂકડા કરીને તે નીચે પડયો. ત્યાં પડતા જોઈ નોકરે ઉંચકીને કચરામાં નાખી દીધો. આ વાર્તા આપણા બધાની એક દશકાની છે. કૌન જાને કિસ ઘડી વક્ત કા બદલે મિજાજ.

સમડી કે ગીધ ખૂબ ઉંચે ઉડે છે પણ તેની નજર સદાય મરેલા ઢોર પર હોય છે. આ તેની મૂળભૂત પ્રકૃતિ છે. ગીતાજીમાં અધ્યાય ૧૬ શ્લોકમાં ભગવાન દૈવી સંપત્તિ અને આસૂરી સંપત્તી વિષે કહે છે કે દૈવી સંપત્તી મોક્ષ આપનારી અને આસૂરી સંપત્તી બંધનમાં નાખનારી હોય છે. માણસ માત્રમાં પ્રભુનું ચૈતન્ય આત્મા રૂપે હોય છે. આપણી અવસ્થા અજ્ઞાન છે. પણ વાંચન, પ્રવચન, સ્વાધ્યાય, સત્સંગ દ્વારા આત્માને જાગૃત કરે છે. પ્રભુ કૃપાના અધિકારી બનવા જ્ઞાન માર્ગ જે સંત કબીરે અપનાવ્યો, ભક્તિ માર્ગ નરસિંહ મહેતા અને મીરાબાઈ જેવાએ અપનાવ્યો ત્યારે કર્મ માર્ગ વિનોબા ભાવે તેમજ ગાંધીજીએ અપનાવ્યો. દૈવી સંપત્તી મોક્ષ આપે છે. મોક્ષ એટલે આપણી વિષયવાસનાનો સંપૂર્ણ ક્ષય. આ માટે સંયમપૂર્વક વિવેકી જીવન સાચા અર્થમાં શ્રેય માર્ગી બને છે. ધ્યયે માર્ગ આત્માની ઉન્નતી તરફ લઈ જાય છે. શ્રેયમાર્ગમાં વિષય તૃપ્તી ક્ષણિક પુરવાર થાય છે. શ્રેય માર્ગ શરૂઆતમાં કષ્ટદાઈ પણ અંતે પરમ શાંતી પ્રાપ્ત કરાવે છે. ભૌતિક સુખથી શાંતિ મળે ખરું પણ તે અલ્પ સાબિત થાય છે. જ્યારે શ્રેય માર્ગ દ્વારા જે કંઈ સુખ પ્રાપ્ત થશે તે સદાય પ્રસન્નતા આપશે જે સાચો આનંદ છે.

શાસ્ત્રો કહે છે કે સંપત્તી નહી આપણા નિષ્કામ કાર્ય જ આપણી જીવન યાત્રાને સફળતા બક્ષે છે. જે આપણું જીવન ધન્ય બનાવશે. સંપત્તી, સત્તા, સગા વહાલા બધુ અહીનું અહીં જ રહી જાય છે. મૃત્યુબાદ આપણી નિષ્કામ સદાચરણ સત્કર્મો જ આપણી સાથે આવે છે, ને તે જ છેવટે આપણી સંપત્તી કે મૂડી બનીને રહે છે. જે પછીના બીજા જન્મનું ભાથું આપણા સત્કર્મો જ છે, જે આપણું પ્રારાધ્ય બને છે.

વેદો અનંત કોઈને તેના સારરૂપે સવા લાખ શ્લોકથી મહાભારતની રચના થઈ ને મહાભારતનો સારંશ ગીતાના સાતમા શ્લોકમાં લાવી મૂકયો છે. એ સાતસો શ્લોકનો પૂર્ણ અભિપ્રાય તેના અંતિમ શ્લોકમાં કહ્યો છે. જે વ્યાસ શિષ્ય સંજયના સત્ય ઉદગારરૂપે છે ધૃતરાષ્ટ્ર. સંજયે કહ્યું છે દુર્યોધનનો પ્રતાપ સર્વથા અધિક છે અને પાંડવ કરતાં તેનું સૈન્ય પણ દોઢુ છે. તો શું તેનો જય નહિ થાય ? ત્યારે સંજય જવાબ આપે છે જ્યાં સત્ય છે, જે પક્ષે કૃષ્ણ છે ત્યાંજ વિજય, ઐશ્વર્ય, લક્ષ્મી અને નિશ્ચલ નીતિ પ્રાપ્ત થવા જોઈએ. એવો મારો મત છે.

**લી. શૈલેષ કી. દેસાઈ**

# હક્કા બક્કા થઈ ગયા પરદેશમાં ......

ત્રીસ વર્ષના વ્હાણા વીતી ગયા, અમેરિકામાં પરિમલને આવે. ભારતથી તે નીકળ્યો ત્યારે આડત્રીસનો હતો. અત્યારે તે સડસઠનો હતો. હવે નોકરીમાંથી નિવૃત્ત પણ થયો હતો. અમેરિકા હતો એટલે તે પાંસઠ વર્ષની ઉંમર સુધી નોકરી કરી શક્યો. ગુજરાતમાં હોત તો અઠ્ઠાવને નિવૃત્ત થઈ ગયો હોત. શાયરે કહયું છે ને તેમ ''ફીર કભી ફુરસદ સે સોંચેંગે હમ અચ્છા કીયાં યા બૂરા કીયાં.''

એને વિચાર આવ્યો શું અમેરિકા આવ્યો તે બરાબર હતું? અમદાવાદ હતો ત્યારે છ વાગે ઓફિસેથી છુટે, જો એ છ વાગે ઘેર પહોંચે તો મોડો પડયો એમ મનાતું. નિયમ મુજબ ઓફિસ છ વાગે પૂરી થાય, પણ એ પાંચ વાગે નીકળી જાય. એના બેંક કર્મચારી મિત્રો તો સાડાચાર વાગ્યા પછી ઓફિસમાં મળતા જ નહીં. એ પછી બેંકવાળો શેરબજારમાં જ હોય. અમદાવાદમાં હોય ત્યારે સાંજે ઓફિસથી છુટી પાંસરો ઘરે પહોંચતો. હાશ કરી સોફામાં પડતું નાંખે અને પત્નીને બૂમ મારે ભારતી ચા બનાવજે અને પત્ની હાથમાં ચાનો કપ લઈ પતિ પાસે પહોંચી જાય, એને પણ વરસો પહેલાના દિવસો યાદ આવે. ચાના માધ્યમથી જ તે પરિમલના પ્રથમ સંપર્કમાં આવી હતી. પરિમલ તેને જોવા આવ્યો ત્યારે ડગમગ થતા કપ રકાબી અને ડગમગ થતા પગ સાથે તે ચાનો કપ લઈ પરિમલ પાસે પહોંચી હતી. પરિમલ પણ એ બધું યાદ કરી રહ્યો હતો. વાહ શું દિવસો હતા! ભારતના પતિદેવો જ્યારે નોકરીથી પાછા આવે ત્યારે ભારતીય પત્ની ચાના કપથી તેમની આરતી ઉતારતી પણ અમેરિકામાં આથી ઉલ્ટી બાબત જોવા મળતી હતી.

ભારતમાં જ્યારે દિવસનું અજવાળું હોય છે, ત્યારે અમેરિકામાં અંધારું હોય છે. સામાજિક ક્ષેત્રે પણ આવું જ કંઈક તેને જણાતું હતું. ભારત પતિદેવો માટે અજવાળીયો પ્રદેશ ગણાય ત્યારે અમેરિકા પતિદેવો-પુરૂષો માટે અંધારિયો પ્રદેશ ગણાય. ભારતમાં આરામની નોકરી કરી તે ઘરે પરત આવે ત્યારે પણ ચા બનાવવાનો હુકમ કરતો. હા, સૂચના નહીં પણ હુકમના સ્વરૂપમાં જ તે કહેતો. ચાલ ભારતી, ફટાફટ ચા બનાવી કાઢ અને પત્ની ફટાફટ ચા બનાવી કાઢતી. પરિમલ એ બધું યાદ કરતો હતો અને તેને એક શાયરે કહેલી વાત યાદ આવી ગઈ.

**''હૈ વોહી આંસમા, હૈ વોહી જમી,**
**પર મેરી કિસ્મત કો અબ વો જમાના નહીં.''**

અલબત્ત, શાયરની વાત અને પરિમલની હકીકતમાં પણ ફેર તો હતો જ. આસમા અને જમીન બદલાઈ ગયા હતા. આંસમા અમેરિકાનું હતું. તો જમી પણ ભારતની ન હતી. તેને લાગતું હતું ભારતમાં નારી છે એ જ નારી અમેરિકામાં ચિનગારી થઈ જાય છે. પરિમલ નોકરી પરથી અમેરિકામાં આવે ત્યારે જાતે ચા બનાવી લેતો અને હવે નિવૃત્ત છે એટલે જાતે ચા બનાવવાની પ્રવૃત્તિ કરી લે છે. પરિમલ જાતે જ ચા બનાવી લે એટલું જ નહીં, ચા બનાવી અને પીધા પછી એ કપ-રકાબી જાતે જ સાફ પણ કરી નાંખે. ભારતમાં એણેં કદી વિચાર્યુ પણ ન હતું કે એક દિવસ એવો આવશે કે ચાના પ્યાલા રકાબી પણ ધોવા પડશે! વિધુર ન હોવા છતાં. રિચેસ્ટર (NY) ના અશ્વિનભાઈ શાહ

કહે છે કે વરસો સુધી અમેરિકા રહ્યા હોય, પણ મોટાભાગના પુરુષો ભારતમાં પાછા આવવા ઉત્સુક છે. નોકરીમાંથી નિવૃત્ત હોય એમને અમેરિકાનો મોહ રહ્યો નથી. ભારતમાં નિરાંતની જિંદગી પસાર કરી શકાય. પણ, મહિલાઓનું મન માનતું નથી હોતુ. અમેરિકામાં તેઓને નિરાંત લાગે છે. ભારતમાં ઘરકામની તમામ જવાબદારી મહિલાઓને માથે. પુરુષો પરિમલની જેમ સોફા ઉપર પગ લંબાવી પડયા હોય અને હુકમો છોડતા હોય અમેરિકામાં પુરુષો વાસણ કરે, કપડાં પણ ધૂએ. જેને સન્માનજનક નામ આપવા લોન્ડ્રી કરું છું એમ ભાઈઓ કહેતા હોય છે. રોચેસ્ટરવાળા અશ્વિનભાઈ કહે છે અમેરિકામાં પુરુષો 24 X 7 કામવાળા છે. (ચોવીસે કલાક અને સાતે દિવસ ચાલતા સ્ટોરને એ લોકો 24 X 7 સ્ટોર કહે છે) ઘરની સાફસૂફી પણ આ ભાઈઓ કરતા હોય છે. બહેનોને થાય છે ભારતમાં નાવલિયો કેડમાંથી વાંકો નથી વળતો, ત્યાં જઈને તૂટવા કરતા અમેરિકામાં મહાલવું શું ખોટું ? ભારતમાં મહિને દસ હજારનો પગાર મેળવનારને ઘરે કામવાળા હોય છે, પણ અમેરિકામાં મહિને પંદર કે વીસ હજાર ડોલર કમાનારને ઘરે પણ કામવાળા નથી હોતા. મહિને અમે દસ લાખ રૂપિયા કમાઈએ છીએ, તેવું ભારતમાં છાપ પાડવા માટે કહેતા એન આર આઈને ઘરે કામવાળા નથી હોતા.

અમેરિકા રહેતો એન. આર. આઈ. મોટોભાઈ ભારત રહેતા નાનાભાઈને કહેતો હતો, ''મેરી પાસ દો. દો. હોન્ડા કાર હૈ, તેરી પાસ ક્યા હૈ ?''

ત્યારે ભારતવાસી ભાઈ કોલર ઉંચા કરી કહે છે, મેરી પાસ તીન તીન કામવાલા હૈ, બરતન સાફ કરને કે લિયે એક, કપડા ધોને કે લિયે એક, ઔર તીસરા ઘર કી સાફ સફાઈ કે લિયે હૈ, બોલ તેરી પાસ હૈ યે સબ ? અમેરિકામાં ઘરે ઘરે ધોબી કે ઘરે ઘરે ઘાટી છે, જે ઘરના પુખ્ત વયનો પુરૂષ વર્ગ છે. આથી કરીને મહિલા વર્ગને ખૂબ જ રાહત છે. જો તેઓ ભારત પરત આવે તો મળેલી આઝાદી ગુમાવી પડે, એટલે અમેરિકા સ્થાયી થયેલ કુટુંબમાંથી મોટાભાગની મહિલાઓ મેરા અમેરિકા મહાનમાં માને છે. અમારા મિત્ર ભોગીલાલ સિંદબાદે આની પાછળનું કારણ એની રીતે શોધી કાઢયું છે. એ કહે છે કે, અમેરિકા સ્વાતંત્ર્યમાં માને છે. અમેરિકાની સ્વાતંત્ર્યતાની આસ્થા, ન્યૂર્યોકમાં ઊભી કરેલી સ્ટેચ્યુ ઓફ લીબર્ટીની પ્રતિમામાં પ્રગટ થાય છે. આ સ્ટેચ્યુમાં હાથ મશાલ સાથે ઊભેલી વ્યક્તિ મહિલા છે. ન્યૂર્યોકના બારામાં ઊભેલી સ્વાતંત્ર્યની દેવી છે. તે દેવનું પૂતળું નથી, પણ દેવીનું છે. એટલે આજે અમેરિકામાં દેવીઓ કરતાં મહિલાઓનું આધિપત્ય છે. જો આ સ્ટેચ્યુ મૂકતી વખતે દેવીને બદલે દેવ પસંદ થયા હોત તો પરિસ્થિતિ અલગ હોત. અબ્રાહ્મ લિંકન, ગુલામી નાબૂદી માટે લડતા હતા. તેમણે ગુલામોને મુક્ત કરાવ્યા પણ પુરુષો આ દેશમાં ગુલામ બન્યા છે. તે માટે કોઈ લિંકન જાગૃત નથી. શાયર ધનતેજવીએ લખ્યું હતું. હક્કા બક્કા થઈ ગયા દેશમાં ! જાણકારો કહે છે કે, પુરુષોની અવદશા અંગે જ આ કાવ્યમાં કહેવામાં આવ્યું છે.

વાસણ કરતો લોન્ડ્રી કરતો પુરુષ ખાવામાં શું પામે છે ? ઘણું ખરું સેન્ડવીચ તૈયાર પીઝા કે ફાસ્ટફૂડ ખાઈને એ લોકો પેટ ભરે છે. કારણ મુખ્ય તો એ કે ઘરની મહિલા પણ નોકરી માટે સવારથી દોડતી હોય ત્યારે ખાય શું અને ખવડાવે શું ? રોચેસ્ટરમાં રહેતા

ગુજરાતી કવિ પ્રીતમ લખવાણીના સાસુ તેમને ત્યાં અમેરિકામાં આવ્યા હતા. સાસુજીએ ફૂલકા રોટલી ઉતારી જમાઈરાજની થાળીમાં મૂકી ત્યારે દસકાઓથી અમેરિકા રહેતા લખવાણી હક્કા બક્કા થઈ ગયા તેમણે સાસુમાને પૂછ્યું આ ક્યો પદાર્થ છે ? ફૂલકા રોટલી જોયે વરસો થઈ ગયા હતા એટલે રોટલીનો આકાર પણ ભૂલી ગયા હતા. ચાલીસ પચાસ વર્ષ જેમને અમેરિકામાં રહે થઈ ગયા છે એમને આ 'અબ લોટ ચલે' નું ગીત ગણગણવાનું મન થાય છે. પણ હવે શું થાય ? સબ કુછ લૂંટા કે હોંશ મે આયે તો ક્યાં હુઆ ? ભારતમાં સ્ત્રીઓ અફસોસથી કહેતી હોય છે, શું થાય સ્ત્રીનો અવતાર છે ! તેમ અમેરિકામાં પુરુષો કહે છે, શું થાય પુરુષનો અવતાર છે !

**- સંકલન**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ

ઉપરોક્ત સમિતિના નેજા હેઠળ આગામી કાર્યક્રમ નીચે મુજબ છે.

**રવિવાર ૯ જુન ૨૦૧૩, સવારે ૯.૩૦ કલાકે**

**સ્થળ :** ગીતા ભવન હૉલ, લક્ષ્મીનારાયણ મંદીર,
લક્ષ્મીનારાયણ લેન, મથુરાદાસ રોડ
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**મુખ્ય વકતા : આશના સુદીપ મોદી, અમી, અલ્પા અને સિમોની (સુરેશ ઈલેકટ્રીકલ)**

**વિષય : Positivity A Key to Happiness**

**જમવાના પાસ મેળવવાના સ્થળ**

**(૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય**
૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુબઈ - ૪૦૦૦૦૨

**(૨) મે. કડકીયા એન્ટપ્રાઈઝીસ**
૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૩

**(૩) શ્રી ગોપાલ રમણલાલ કડકીયા (ખીસાદાર)**
૫/૫૦૨, જ્ઞાન દર્શન, એસ.વી.પી. રોડ,
મ્યુનીસીપલ ગાર્ડનની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૭

**(૨૧ મી ૨૦૧૩ થી ૫ જુન ૨૦૧૩ સુધી જમવાના પાસ મેળવી લેવા વિનંતી.)**

રૂા. ૧૦૦/- અંકે રૂપિયા સો પુરા ભરીને જમવાના પાસ ઉપરોક્ત સ્થળેથી મેળવી લઈ આ પ્રોગ્રામને સફળ બનાવશો.

**કન્વીનર - પંકજ ધારીયા**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ

Centennial Celebration of Indian Cinema તા. ૫-૬-૨૦૧૩, બુધવારે બપોરે ૨.૩૦ કલાકે તેજપાલ હૉલ ખાતે રાખવામાં આવ્યો છે. જેના પાસ રૂા. ૫૦/- રાખવામાં આવ્યા છે. તા. ૨૫-૫-૨૦૧૩ શનિવારે બપોરે ૩ થી ૪ દરમ્યાન સંસ્થાની ઓફિસમાંથી અથવા કોઈપણ કમીટીની બહેનો પાસેથી આ પાસ મેળવી શકાશે.

**સંયોજક**

**પ્રતિમા કિરીટ ધારીઆ - ૯૮૨૦૧૫૨૬૪૪**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૧ મી બેઠક તા. ૨૨-૪-૨૦૧૩ના રોજ સોમવારે સાંજે ૬.૩૦ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) ના નેજા હેઠળ મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતાં. સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો.

સંસ્થાની ૧૨મી બેઠક (One Day Meeting) તા. ૧૯-૫-૨૦૧૩ ના રોજ ને વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૦૬-૨૦૧૩ના રોજ રાખવાનું નક્કી કર્યું હતું.

સંસ્થા ખજાનચી અનઉપસ્થિત હોવાથી સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વિવિધ પ્રવૃત્તીઓના વાર્ષિક બજેટની જાહેરાત કરી હતી. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

કુલ ૧ નવી લાઈફ મેમ્બરશીપની અરજી તથા ૯ લીવની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# SHRI NATVERLAL CHUNILAL MODY (JANSATHI) TROPHY 2012-13

The 5th match was played between SHITEN GLADIATORS team led by Captain SHITEN KADAKIA & GANDHI WARRIORS team led by Captain ASHWIN KARKERA on 17th Feb 2013.

won the toss & decided to bat first.

MATCH RESULT : RIPAL PARIKH 156 all out. (Chirag Desai 32, Chirag Desai(CD) 31, Mitul Parikh 22, Arpit Dharia 5/22, Sanil Desai 3/27),

KINJAL PARIKH 133 all out.(Shamik Shah 35, Daxit Gandhi 30, Kinjal Parikh 20, Ripal Parikh 4/35, Jigar Parikh 3/31). RIPAL PARIKH'S team won the match by 23 runs.

MAN OF THE MATCH : RIPAL PARIKH.

The 6th match was played between URJA TERMINATORS led by Captain KINJAL PARIKH & MANISH CHALLENGERS team led by Captain ROHAN DHARIA on 24th Feb 2013.

ROHAN DHARIA won the toss & decided to bat first.

MATCH RESULT : ROHAN DHARIA 243 all out. (Rohan Dharia 76, Apurv Dharia 50, Ritesh Kadakia 30, Shamik Shah 4/29, Kinjal Parikh 3/33),

KINJAL PARIKH 170 all out.(Paresh Parikh 53, Daxit Gandhi 56, Saumit Dharia 3/46, Viraj Parikh 5/19). ROHAN DHARIA'S team won the match by 73 runs.

MAN OF THE MATCH : VIRAJ PARIKH.

The 7th match was played between URJA TERMINATORS led by Captain KINJAL PARIKH & GANDHI WARRIORS team led by Captain ASHWIN KARKERA on 23rd March 2013.

KINJAL PARIKH won the toss & decided to field first.

MATCH RESULT : KINJAL PARIKH 110 all out. (Ronak Dharia 53, Sanjay Mody 5/46, Nihar Kadakia 2/29),

ASHWIN KARKERA 112/4.(Samir Mody 23, Pritesh Thakkar 44). ASHWIN KARKERA'S team won the match by 6 wkts.

MAN OF THE MATCH : SANJAY MODY for his bowling spell which also included a hat trick.

The 8th match was played between MANISH CHALLENGERS led by Captain ROHAN

DHARIA & SHITEN GLADIATORS team led by Captain SHITEN KADAKIA on 27TH April 2013.

SHITEN KADAKIA won the toss & decided to field first.

MATCH RESULT : MANISH CHALLENGERS 97 all out. (Rohan Dharia 48, Dipen Mody 4/28, Ankur Parekh 3/26)

SHITEN GLADIATORS 98/3.(Shiten Kadakia30 n.o.) SHITEN GLADIATORS team won the match by 7 wkts.

The first semi final match was played between D.C.C. TUSKERS led by Captain RIKIT MODY & GANDHI WARRIORS team led by Captain ASHWIN KARKERA on 28TH April 2013.

ASHWIN KARKERA won the toss & decided to field first.

MATCH RESULT : RIKIT MODY 185 all out. (Kunal Parikh 29, Hitesh Shah 5/50)

ASHWIN KARKERA 77 all out. Rikkin Shah 3/4, Nirav Desai 2/7, Sanjiv Dharia 2/27). RIKIT MODY team won the match by 108 runs to enter the finals..

**BHAVESH MODI**
**SECRETARY**

**CHIRAG PARIKH**
**CONVENER**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## BNS LALKHA BERA T20 TOURNAMENT 2012-2013.
## OPENING CEREMONY OF THE TOURNAMENT:

B.N.S. Lalkha-Bera T20 tournament Opening Ceremony was held on 12-3-2013 Saturday at Sachivalay pitch Oval Maidan. BNS cricket Convenor SHRI Chirag Parikh gave a vote of thanks to SHRI Dilip Dharia (Lalkha) for their kind donation for B.N.S. Lalkha-Bera T-20 tournament and welcomed Vice President Shri Saumil Mody, Secretary Shri Bhavesh Mody & all the Office bearers present.

**Members present at the Opening Ceremony of B.N.S. Lalkha-Bera T-20 TOURNAMENT:**

1. BNS VICE-PRESIDENT – SHRI SAUMIL MODY
2. BNS SECRETARY – SHRI BHAVESH MODI
3. BNS JOINT SECRETARY – SHRI JASMINE SHETH & SHRI NILESH SHAH.
4. BNS TREASURER – SHRI NIKESH GANDHI
5. B.N.S. LALKHA-BERA DONOR : SHRI DILIP DHARIA [LALKHA]

Sincere thanks to:

1. Shri Dilip Dharia-Lalkha for their kind donation of prize money Rs. 5000 to the winning team.
2. Shri Alpesh Dharia for sponsoring T.Shirts for BNS Lalkha-Bera T-20 to all the 4 team players.
3. Shri Chintak Parikh (Bakhali) for sponsoring coloured caps to all the 4 team players.

This year due to non availability of grounds, we played the entire tournament in one day with a revised format of 15 overs.

**FIRST MATCH – SHITEN KADAKIA v/s CHIRAG PARIKH.**

Toss won by CHIRAG PARIKH. [Bat First].

Chirag Parikh's team – 85/9 in 15 overs. (Paresh Parikh 19, Purav Parikh 4/12, Chetan Kadakia 3/7)

Lost to

Shiten Kadakia's team – 86/1 in 9 overs. (Kanishq Parikh 25*, Shiten Kadakia 19*).

Man of the Match: Purav Parikh a 12 year old boy bowled sensationally to win the match)

**SECOND MATCH – ROHAN DHARIA v/s APURV DHARIA.**

Toss won by ROHAN DHARIA [Bat First].

Rohan Dharia's team – 135/7 in 15 overs.(Kunal Parikh 49*, Chirag Modi 2/10, Apurv Dharia 2/20, Dhaval Desai 2/24).

Beat

Apurv Dharia's team – 104/7 in 15 overs. (Ashwin Karkera 28, Bhavik Dharia 24, Kinjal Parikh 3 for 26). **Man of the Match: Kunal Parikh.**

**FINALS ---- ROHAN DHARIA v/s SHITEN KADAKIA**.

Toss won by ROHAN DHARIA. [Bowl First].

Rohan Dharia's team – 112/9 in 15 overs.(Rohan Dharia 40, Jimish Desai 19, Samir Desai 5/11,Chetan Kadakia 2/15).

Shiten Kadakia's team – 109/7 in 15 overs. (Kanishq Parikh 28, Kinjal Parikh 2 for 28).

Man of the Match: Samir Desai

**VARIOUS PRIZES AWARDED :**

BEST BATSMAN OF THE SERIES : **KANISHQ PARIKH a** 16 year batsman for scoring 65 runs in 2 matches.

BEST BOWLER OF THE SERIES : **CHETAN KADAKIA** for taking 5 wkts for 22 runs in 2 matches.

UPCOMING TALENT : **PURAV PARIKH** a 12 year old boy for taking 4 wkts in 2 matches.

MAN OF THE SERIES : **KUNAL PARIKH** for his excelling batting display.

ALL ROUNDER OF THE SERIES : **KINJAL PARIKH** for his all round batting &bowling performance.

A special thanks to winning captain **Rohan Dharia** for donating the winning prize money of Rs 5000 towards the cricket fund.

**BHAVESH MODI** — **CHIRAG PARIKH**

**SECRETARY** — **CONVENER**

## BALASINOR PREMIER LEAGUE (BPL) T20 TOURNAMENT

This year Balasinor Navyuvak Sangh has decided to start the Balasinor Premeir League (BPL) T20 Tournament with six teams.

We are looking for six owners interested for any of the teams.

Those interested kindly contact CHIRAG PARIKH (9821574856) to understand the relevant details for the tournament.

**BHAVESH MODI** — **CHIRAG PARIKH**

**SECRETARY** — **CONVENER**

# શ્રી બાલાસિનોર યાત્રા સંઘ

**મુંબઈ - ૪૦૦ ૦૨૬**

## વ્રજયાત્રા પરિક્રમામાં આવનારા વૈષ્ણવો માટે

પ્રિય વૈષ્ણવો,

શ્રી વ્રજયાત્રા માટે બાદંરા સ્ટેશનથી ઉપડતા વેસ્ટર્ન એક્ષ્પ્રેસમાં જવાનું હતું તે કાર્યક્રમ વૈષ્ણવોની સુવિધા માટે કેન્સલ કરી મુંબઈ સેંટ્રલથી સાંજે ઉપડતા 'રાજધાની' માં તા. ૨૧-૯-૨૦૧૩ ના શુભ દિવસે પ્રયાણ કરવામાં આવશે. પાછા આવવાનું પણ તેજ ગાડીમાં મુંબઈ સેંટ્રલે.

આપે યાત્રા માટે એડવાન્સ રૂા. ૩,૦૦૦/- વ્યક્તિ દીઠ આ અગાઉ આપ્યા છે. તા. ૨૬-૫-૨૦૧૩ને રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨ સુધી બાકીની રકમ રૂા. ૭,૦૦૦/- વ્યક્તિદીઠ સત્સંગ મંડળની રૂમ, અમૃતવાડીમાં તેમોને આપેલી રસીદ સાથે લાવીને બાકીની પૂરેપૂરી આપી જવી.

રાજધાની ટ્રેઈનની ટીકીટની રકમ જેઓએ આપી નથી અથવા ઓછી આપી છે તે પણ સાથે લાવે.

પોતાની ગાડી કરનાર વૈષ્ણવે રૂા. ૧,૦૦૦/- ગાડી દીઠ એડવાન્સ ન આપ્યા હોય તો તે આપી રસીદ લેવી.

કોઈ કારણસર આપને 'જ્યોતીપુંજ' તા. ૨૫-૫-૨૦૧૩ સુધી ટપાલમાં મળ્યું હોય નહીં તો તે પછીના રવિવારે તા. ૨-૬૨૦૧૩ ના દિવસે સવારે ૧૦ થી ૧૨ નવનીતભાઈ સી. પરીખ (સરકાર) ના ઘરે આપી જવા વિનંતી છે.

રકમ આપતી વખતે ૧૦૦-૫૦૦ અને ૧,૦૦૦ રૂપીયાની નોટ લેવામાં આવશે. રૂા. ૫૦૦ અને ૧,૦૦૦ની નોટોના નંબરો એક અલગ કાગળ ઉપર તમારું નામ લખીને લાવવા વિનંતી છે.

યાત્રાનું બુકીંગ ભરાઈ ગયું છે. જેથી પરિક્રમામાં આવવા માટે નવસેરથી કોઈએ અમારો સંપર્ક આ માટે ન સાધવા વિનંતી છે.

યાત્રા ઉડવાના આસરે ૧૫ દિવસ અગાઉ એક સ્નેહ મિલન - ગેટ ટુ ગેધર - રાખવામાં આવશે. તે માટેની જાણ જ્યોતિપુંજમાં કરવામાં આવશે,

'વ્રજ માધુરી' તથા 'કીર્તન માધુરી' પુસ્તકો માટે શ્રી વાડાસીનોર ગોકુલેશ સમાજ પ્રકાશિત ઉપરોક્ત બંન્ને પુસ્તકોની થોડી પ્રતો અમારી પાસે સ્ટોકમાં છે.

જે વૈષ્ણવોને મળી ન હોય તે અથવા નવી જગ્યામાં રહેવા ગયા હોય તેવા વાડાસીનોરના વૈષ્ણવોને વિનંતી કે રવિવારે સવારે ૧૦ થી ૧૧ કલાકે મારો સંપર્ક ફોન ઉપર સાધી પુસ્તક (વિના મુલ્ય) લઈ જવા વિનંતી છે.

જૂજ પ્રમાણમાં પુસ્તકો રહ્યાં હોઈ વહેલો તે પહેલો આ ધોરણે આપતાં પુસ્તકો ખલાસ થઈ જશે પછી આપવામાં આવશે નહી (ફોન : ૨૩૬૧૩૭૯૫, મોબાઈલ - ૯૯૩૦૪૩૩૨૩૧)

યાત્રા માટે સવિસ્તાર બધી માહિતી, ટીકીટોની વહેંચણી, રૂમોની ફાળવણી, બસોની સીટોની વ્યવસ્થા વિગેરે 'ગેટ ટુ ગેધર' વખતે આપવામાં આવશે.

**- પ્રમુખ- નવનીતલાલ સી. પરીખ (સરકાર)**

**મંત્રી - મંજુલ શૈલેશકુમાર ધારીયા**

**બહુ ફરિયાદ ન કરો, કારણ કે જે પૈડું વધારે અવાજ કરે તેને પહેલા બદલવામાં આવે છે.**

**- અજ્ઞાત**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપર્યુકત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૩-૧૪) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૨૫-૫-૧૩ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૩૧-૭-૧૩ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૩-૧૪)ની ફી ભર્યાની original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. **અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**શ્રી શરદ નટવરલાલ દેસાઈ,** ૩૮૫/C, રસધારા સોસાયટી, ૧લે માળે, એસ.વી.પી.રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ - ૪

**સમય :** સોમ થી શનિ : બપોરે ૪ થી ૬

અરજીપત્રક મેળવ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને ફી સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે. મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક આપવામાં આવશે.

**ચેક મેળવવાનું સ્થળ :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, સમય : સોમવાર થી શનિવાર સવારે ૧૧ કલાક થી સાંજે ૫ કલાક સુધી.

**પારિતોષિક યોજના**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૩ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

નોંધ : આ યોજના S.S.C (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૨૫-૮-૧૩ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતિ માટે મંડળના માનદ્ મંત્રિઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી શરદ નટવરલાલ દેસાઈ**
**( ફોન નં. : ૨૩૮૧૨૪૯૭/૯૯૨૦૧૮૯૯૫૦)**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ**
**(ફોન નં. : ૯૮૨૦૧૩૫૦૧૪)**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

### અનુકરણીય દાન

અર્થ સહાય મેળવી, ભણી ગણીને સંપન્ન થનારા પુર્વ વિદ્યાર્થી મિત્રોને સમાજનું ઋણ અદા કરવાની તક મળે એવી ભાવના સાથેની દાન અપીલના પ્રતિસાદરૂપે ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.

૧. શ્રી સમીર ભરતભાઈ કીર્તનલાલ પરીખ તરફથી રૂા. ૩૧,૦૦૦/- (રૂપિયા એકત્રીસ હજાર)

મંડળ દાતાશ્રીનો અને તેમનાં પરિવારનો હ્રદયપૂર્વક આભાર માને છે.

આ અનુકરણીય પ્રદાન આવાં અન્ય ભુતપુર્વ વિદ્યાર્થીઓ માટે વધુ સંખ્યામાં આગળ આવી યથેચ્છ ફાળો આપવાં પ્રોત્સાહક બની રહેશે.

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ, મંજુલ શૈલેષ ધારીઆ**

---

## વાડાસિનોર પ્રગતિ સમાજ

## કો.કે. સોસાયટી લી.

સર્વે શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો

સવીનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૭ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬.૬.૨૦૧૩ને બુધવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખ શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે. તો સૌ શેર હોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**માનદ્ મંત્રી**

**શ્રી કૌશીકભાઈ કા. કડકીયા - શ્રી મંજુલભાઈ શૈ. ધારીયા**

## આવો પણ પ્રેમ

ફૂલની પાંખડીને હવાની એક લહેર સાથે પ્રેમ થયો
કેમ થયો કે ક્યારે થયો, જોયું કે ન જાણ્યું કોઈએ એ તો
બંગલાની બાજુએ બગીચામાં રહેતું એ ફૂલ
પહેલ વહેલ પ્રેમ મળતા ચળકી ઉઠયું એનું તો નૂર
આજુબાજુ ઝાડપાનમાં એમના પ્રેમનો વાયરો વાતો
લહેરના સુસવાટાથી ખખડી ઉઠતો પક્ષીઓનો માળો
દિન આખો પ્યારી પાંખડી ધૂપે તપતી વાટ જોતી
સાંજ પડતા શાતા આપવા આવી પહોંચતી લહેર એની
પ્રેમનો પરપોટો ફૂટતા, પ્રસરી પડતી મહેક એમની
લહેરનો મીઠો સ્પર્શ થતાં, ખીલી ઉઠતી પૂરે પૂરી
ઘડીઓ વીતી, દિવસો વિત્યા શું કહું વ્યથા એમની
પ્રેમના એ તાપ-તડકા એમને છોડે કેમથી?
ઝમ ઝમ કરતું આવી પહોંચ્યું એક દી વાવાઝોડૂં
રૂ કેરી કોમળ પાંખડીનું સામે લડવું શું ગજુ
વિખરાય પડી, વેરાય પડી એ તો દૂર વેરાનમાં
ધૂળ ઢગલા, રેતી, કાંકરા શું ન ચુભ્યું તન મનમાં
વિરહનો વરસાદ વરસ્યો, સરસ મજાનો સાથ છૂટયો
લહેર અને પાંખડીના મિલનનો એ તાર તૂટયો
ન થોભી શકુ કરમાવું લહેર, હવે તો દઈ દે એક ઝાંખી
ડૂબે મારી જીવન નૈયા, તારી વાટ જોતા હું થાકી
નજરે પડતા લહેર એની બોલી ઉઠી....
પાંખડી હવે સજ્જડ ઉભી રહેજે..
સ્પર્શ ન છોડું તારો ક્યારે,
તુજ બિન જીવન ન જીવવું મારે
તણાઈ ગયો પ્રેમ એમનો અસુવનનાં તળાવમાં
પવનની એ લહેર અને ફૂલની પાંખડી.......
ડૂબ્યા ઉર ઊંડાણમાં

**- શેફાલી ધારિયા**

# બાલાસિનોર વિદ્યામંડળ

**પ્રંશસનીય ઉમદા દાન**

૧) આપણી સંસ્થાના શુભેચ્છક અને અગ્રગણ્ય સામાજિક કાર્યકર મુરબ્બી શ્રી રમણિકલાલ લલ્લુભાઈ ધારીઆના સુપુત્ર શ્રી ચેતનભાઈ રમણિકલાલ ધારીઆ પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂા. એક લાખનું માતબર દાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે મળ્યું છે.

૨) સંસ્થાને એક અતિ ભાવનાશીલ ઉમદા વિચારો ધરાવતા સંપન્ન દંપતી તરફથી રૂા. ૫૦,૦૦૧/- અંકે રૂા. પચાસ હજાર એકનું માતબર દાન શ્રીજી કોમ્પ્યુટરના વિદ્યાર્થીઓમાંથી દરેક કોર્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓના પારિતોષિક માટે મળ્યું છે.

કૉલેજના પ્રત્યેક વિદ્યાર્થીને તેમની પસંદગીના કોર્સનું શિક્ષણ ફક્ત રૂા. ૧૦૦/- ની ટોકન ફી લઈને શ્રીજી કોમ્પ્યુટર લેબોરટરીમાં આપવામાં આવે છે.

આપણી કૉલેજના વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ પુરો કરી તેમની કારકીર્દી સફળતાપૂર્વક શરૂ કરે અને શહેરની કોલેજોના વિદ્યાર્થીઓ સાથે કદમ મિલાવી ટક્કર આપી શકે તેવા ઉમદા હેતુ સાથે શ્રીજી કોમ્પ્યુટર લેબની સ્થાપના કરવામાં આવી છે.

યર્જુવેદનો શ્લોક છે 'પાવકા નઃ સરસ્વતિ' એટલે કે સરસ્વતિ અમને પાવન કરે.

ઈશ્વર આપણને શક્તિ, ધન અને જ્ઞાન આપે છે. બીજાનું રક્ષણ કરવા, મદદ કરવા તથા જ્ઞાન વહેંચવા જે ઈશ્વરની આજ્ઞાનું પાલન કરે છે તેના શક્તિ, ધન અને જ્ઞાન વધતાં જ જાય છે.

પરમકૃપાળુ ઈશ્વરને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના.....

સંસ્થાના કારોબારી સમિતિના સભ્યો બંન્ને દાતા પરિવારોને જાહેરમાં આભાર વ્યક્ત કરતા ૠણ સ્વીકાર કરે છે અને કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે.

**- લી. બાલાસિનોર વિદ્યા મંડળ કારોબારી સમિતિ વતી**

# પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| સુધીર મોહનલાલ કડકીયા (મરઘા) | ૬૫ |
| મહેન્દ્રકુમાર પુનમચંદ દોશી | ૭૧ |
| પ્રેમીલાબેન રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) | ૭૫ |
| બાબુલાલ સાંકરલાલ દેસાઈ (દેડકી) | ૮૫ |
| શાંતાબેન વલ્લભદાસ પરીખ (રાઠોડીયા) (ચક્ષુદાન કરેલ છે) | ૮૫ |
| પુષ્પાબેન કાંતીલાલ પરીખ (કુવાવાળા) | ૯૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**



**શાંતાબેન વલ્લભદાસ પરીખ**
**(રાઠોડીયા)** ઉ.વ. ૮૫
તા. ૨૭-૫-૧૩ના રોજ
શ્રીજીચરણ પામ્યા છે.
**ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.**